



ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

# અવધ ટાઈમ્સ

## ઇલેક્શન - ૨૦૨૪

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

www.avadhtimes.net અમરેલી ૨ તા.૨૧-૦૪-૨૦૨૪ રવિવાર

### મહુવાથી ડાયરેક્ટ અયોધ્યા, વારાણસી, હરિદ્વાર અને ચાર ધામયાત્રાની રેલ્વે સુવિધા આપો : જેનીબેન ઠુમ્મર

# મોરારીબાપુના આશિર્વાદથી નવી ઉર્જાનો સંચાર થયો : જેનીબેન

**જેનીબેન ઠુમ્મર સાથે ડો.કનુભાઈ કળસરીયા, રાજભાઈ મહેતા સહિત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અનેક આગેવાનો જોડાયા : મહુવા વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની કોલેજો સ્થપાય તો વિદ્યાર્થીઓને બહારગામ જવું ન પડે**

**મહુવાના ઉમણિયાવદર, તલગાજરડા, ભાદ્રોડ, ભૂતેશ્વર, વાઘનગર, સથરા, નેપ, વાલાવાવ, માળવાવ, રાણીવાડ કાટીકડા, ઉંચા કોટડા, નીચા કોટડા, દયાળ, કળસાર સહિતના વિસ્તારમાં લોકોના આશિર્વાદ મેળવતા શ્રી જેનીબેનક**







અમરેલી,

અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા-ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજે મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે હતા. આ પ્રવાસ દરમ્યાન તલગાજરડા ખાતે પૂ.મોરારીબાપુના દર્શનનો લ્હાવો તેમને મળ્યો હતો અને તેમણે જણાવ્યુ હતુ કે પૂ.મોરારીબાપુના આશિર્વાદ એક દિકરી તરીકે મેળવ્યા છે. પૂ.બાપુના આશીર્વાદ મેળવી અને મારામાં નવી ઉર્જાનો સંચાર થયો છે. સાથે સાથે આવનાર ભવિષ્યમાં લોકઉપયોગી કાર્ય કરવાની મને તક મળે તો કયારેય પાછી પાની ન થાય તેવી મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામ પાસે પ્રાર્થના. આ તકે તેમણે મહુવા તાલુકાના વિકાસ માટે જણાવ્યુ કે મહુવાથી અયોધ્યા, હરિદ્વારા, ચારધામ, અને કાશી વિશ્વ નાથ મહાવેદ વારાણસીની ડાયરેકટ ટ્રેનો શરૂ થાય તેવી અમારી લાગણી અને માંગણી છે. સાથે સાથે અહીયા વિશાળ સંખ્યામાં યુવાધન છે. તેઓને પુરતી રોજગારી મળતી નથી ત્યારે રેલ્વે અને ભારત સરકાર રેલ્વેના ડબ્બા અને એન્જીન સહિતની રેલ્વે ને જોતી હજારો વસ્તુઓનું ઉત્પાદન શરૂ થાય તો મહુવા ઔદ્યોગિક નગરી બને અને લોકોને વધુમાં વધુ રોજગાર મળી શકે. આ ઉપરાંત મહુવા પંથકના ખેડૂતો ખૂબ મહેનતુ છે. ત્યારે ડુંગળી, કપાસ, મગફળી અને તેલીબિયા અને કઠોળ સહિતના પાક લેતા ખેડૂતોને દવા-બિયારણ-ખાતર માં જે જી.એસ.ટી. છે દૂર કરવો જોઈએ. અને ખેડૂતોને પોતાની ઉત્પાદીત વસ્તુઓના સારામાં સારા ભાવ મળવા જોઈએ. મહુવા તાલુકો ઐતિહાસીક દ્રષ્ટ્રીએ અને ધાર્મિક રીતે ખુબ મહત્વનો તાલુકો છે. ત્યારે અહીંયા પ્રવાસનના અનેક ધામો છે. ત્યારે ગોપનાથ મહાદેવ, માં ભવાની મંદિર મહુવા, ઉચા કોટડા માં ચામુંડા મંદિર, બગદાણા બજરંગદાસ બાપા, ભગુડા માં મોગલ અને તલગાજરડા પૂ.મોરારીબાપુનું સાનિધ્ય છે. તો આ વિસ્તારને પ્રવાસધામ તરીકે વિકસાવવામાં આવે તો લોકોને સારામાં સારી રોજગારી મળી શકે અને સાથે સાથે આ વિસ્તારનો પણ સર્વાંગી વિકાસ થાય લોકો બહાર થી મહુવા માં રોજગારી મેળવવા આવે તેવી રીતે આપણે કાર્યરત બનવાનું છે. મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય, રસ્તા સહિતની માળખાકીય સુવિધાનો અભાવ છે. આ ઉપરાંત અહીંયા ઉચ્ચ શિક્ષણ માટે લોકોએ મહાનગરોમાં જવું પડે છે. ત્યારે આ વિસ્તારમાં સારી એન્જીન્યરીંગ, મેડીકલ, કૃષિ, મત્સ્ય ઉદ્યોગ, એરોનેટીક, જેવી કોલેજોની સ્થાપના થાય તે જરૂરી છે. આ તકે પૂર્વધારાસભ્ય અને આ વિસ્તારમાં સેવા નું સરનામું ગણાતા ડો.કનુભાઈ કળસરીયા પણ જેનીબેન સાથે પ્રવાસમાં જોડા હતા. તેમણે જણાવ્યુ હતુ કે લોકોનો સર્વાંગી વિકાસ કરવો હોય તો જલ, જમીન અને જંગલ જેવા કુદરતી સંશાધનોને બચાવવા પડશે ખેડૂતો વધુમાં વધુ સમૃધ્ધ થાય તો ખેડૂતો અને તેની સાથે કામ કરતા અનેક ક્ષેત્રો મજુરો, સમૃધ્ધ થઈ શકે તેમ છે. જેનીબેન ઠુમ્મર શિક્ષત ઉમેદવાર છે. અને વળી દિકરી છે. ત્યારે આ વિસ્તારની માતા-બહેનોએ સવિશેષ જેનીબેનને વિજય બનાવવા મતદાન કરવાનું છે અને કરાવવાનું છે. શ્રી રાજેન્દ્રસિંહજી ગોહિલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભાવનગર આ તકે જેનીબેન સાથ પ્રવાસમાં રાજભાઈ મહેતા વિજયભાઈ બારૈયા કનુભાઈ કલસરિયા અરવિંદ મામા ભવદીપભાઈ ઝાઝડા છગનભાઈ ફારુકભાઈ મધુભાઈ બીપીનભાઈ જોશી નાજાભાઈ પીડી મકવાણા મનુભાઈ ચાવડા જયશ્રીબેન ભોળાભાઈ સરપંચ કનુભાઈ ગોહિલ પરેશભાઈ જીંડા મિલનભાઈ જોશી માવજીભાઈ શિયાળ સંજયભાઈ સરવૈયા કાંતિભાઈ ગોહિલ કનુભાઈ સરવૈયા બટુકભાઈ સરપંચ અશોકભાઈ જોડિયા યાકુભાઈ ચંદુભાઈ ચૌહાણ મેહુલભાઈ મકવાણા જનકભાઈ સહિત વિશાળ સંખ્યામાં બહેનો પણ હોય જેનીબેન સાથે જોડાયા હતા

## શ્રી જેની ઠુંમર આજે મહુવાના સેંદરડા અને નેસવડ જી. પં. બેઠકના ગામોના પ્રવાસે

**જિલ્લા પંચાયત બેઠકમાં ઠેર ઠેર લોકસંપર્ક, બેઠકો અને ચૂંટણી પ્રચાર પ્રસાર : કોંગ્રેસ આગેવાનોની ઉપસ્થિતિ**

અમરેલી,

અમરેલી લોકસભા બેઠકના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર શ્રી જેનીબેન ઠુંમર આજે મહુવા તાલુકાના સેંદરડા અને નેસવડ જિલ્લા પંચાયત સિટના ગામોમાં આજે તા.૨૧ને રવિવારે લોકસંપર્ક કરશે. ઠેર ઠેર બેઠકો અને ચૂંટણી પ્રચાર પ્રસાર માટે નિયત કાર્યક્રમ મુજબ આજે સવારે ૯ કલાકે તરેડ, ૧૦-૩૦ કલાકે બેલમપર, ૧૧-૩૦ કલાકે રાજાવદર, ૧૨-૩૦ કલાકે બોરડી, ૧-૩૦ કલાકે સેંદરડા, ૩ કલાકે મોટા આસરાણા, ૪-૩૦ કલાકી બિલડી, ૫ કલાકે અમૃતવેલ, ૬ કલાકે ગુંદરણી, ૭-૩૦ કલાકે નેસવડમાં બેઠકો સાથે લોકસંપર્ક કરશે. પ્રવાસ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો પણ સાથે જોડાશે.


લોન..લોન..લોન..
ખેડુતોને ખેતીની જમીન પર ૧ હેક્ટર ૧૦ લાખની લોન
ગામડાના મકાન પર લોન
અમરેલી જીલ્લાના દરેક તાલુકામાં સબસીડી વાળી લોન
મોર્ગેજ, હોમલોન, તેમજ મહિલાને લોન મળશે
ઓલ ગુજરાતમાં લોન કરી આપીશું.
દરેક શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં લોન એજન્ટ નિમવાના છે.
સંપર્ક : મો.૬૩૫૩૪ ૪૧૦૯૫

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
શ્રી નિવાસ ડાઇનિંગ હોલ નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

વાડી વેચવાની છે
૩૬ વિઘાની મુ.પીપળવા (ગીર) તા.ખાંભા, જી.અમરેલી
૯ વિઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
-:: સંપર્ક ::-
મો.નં.૯૪૨૬૨ ૪૩૪૩૪

સૌરાષ્ટ્રના સિનીયર
ડો.ડબાવાલા સાહેબ
ફેફસાના નિષ્ણાંત
COPD - સ્પાયરોમેટ્રી સુવિધા
અમરેલી. ✆ ૨૨૩૦૧૫ (૧૯૮૦ થી)

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટર્સ
સતાધાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેન્ડ પાસે, અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩, મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

ડો.વિભાબેન વેલાણી
ડો.રોમી વેલાણી M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોકટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ▪ ફરસાણ
▪ ૩ શાક ▪ દાળ-ભાત ▪ રોટલી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ▪ કઢી - ખીચડી
▪ રોટલી - રોટલા ▪ ભાખરી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
૧૯૯૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

પ્રોપર્ટી વેચવાની છે
(૧) ચક્કરગઢ રોડ ઉપર આવેલ સંકુલની એકજેટ બાજુમાં હોસ્ટેલની સાથે ખુલ્લો પ્લોટ ભાડે અથવા વેચાણથી આપવાનો છે
(૨) લાઠી રોડ ઉપર મોહનનગરમાં સારી લોકેશનવાળો પ્લોટ વેચવાનો છે.
(૩) જી.આઇ.ડી.સી. માં ધંધાર્થી માટે શેડ ભાડે આપવાના છે ૩ શેડ શીતલની બાજુમાં.
દલાલ ભાઇએ સંપર્ક કરવો
સંપર્ક : મો.૯૦૯૯૦ ૨૩૦૨૩, ૮૨૦૦૮ ૯૪૩૦૯

અમરેલી તથા સુરત
ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ, બર્ગર, પીઝા સેન્ડવીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પલેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

મહેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ, અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨, કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

મેટ્રો કન્સલટન્ટ
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ
● GST રીર્ટન
● I.T. રીર્ટન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

ડો. વિવેક પી. જોષી
M.B.(સાયકીઆટ્રી)D.P.M.
MIPS,MIAPP
MOB.99099 41310
ડો. જોષી સાઈકીયાટ્રી કલીનીક
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઈ તથા વ્યસન મુકતીનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ / મો.૯૭૩૭૦ ૨૮૧૯૧

બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
બંગલા ટાઇપ 4BHK સંપુર્ણ સગવડતાવાળુ તપોવન પાર્ક, ચિતલ રોડ, અમરેલી
સંપર્ક : મો.૮૮૦૦૬ ૩૮૬૨૪
નોંધ :- લોખંડની તીજોરી આપવાની છે

વેચવાના છે
ડબા પેકીંગ મશીન
મીક્સીંગ મશીન
પડીકી મશીન
તાત્કાલીક વેચવાના છે
સંપર્ક : મો.૯૪૨૬૯ ૧૧૫૪૧

વેચવાનું છે
શેરડીના રસનો સીંચોડો તેમજ મોટર વેચવાની છે
કિંમત રૂા.૧૫૦૦૦/-
મળો અરવિંદભાઇ ગણાત્રા
કુંકાવાવ નાકા, મુ.બગસરા
સંપર્ક : મો.૯૪૨૬૪ ૨૨૦૭૪

પ્રોપર્ટી વેચવાની / ભાડેથી આપવાની છે.
▪ લાઠી રોડ, નારાયણ પ્લાઝામાં હોલ અને દુકાન (અરજન્ટ સેલ)
▪ લાઠી રોડ, નારાયણનગરમાં ૨૦મી×૧૬ મી.નો ખુલ્લો પ્લોટ
▪ લાઠી રોડ શ્રીરામમાં દુકાન ભાડે અથવા વેચાણથી કસમાં
▪ લાઠી રોડ ઉપર પહેલા માળે ઓફીસ કે પાર્લર માટે દુકાન
ખેડૂત ખાતેદારનો દરજ્જો ચાલુ રાખવા માટે ચાલુ ખેતીવાળી કે પડતર જમીન માટે સંપર્ક કરો.
રંગપર - વડેરા - ગિરીયા - શેડૂભાર - સોનારીયા - સલડી દેરડી (જાનબાઈ) - ચાવંડ - ગોખરવાળામાં જમીન વેચવાની છે.
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

દુકાન વેચવાની છે.
જુના માર્કેટયાર્ડની અંદરની સાઈડ દરવાજાની બાજુની લાઈનમાં
સંપર્ક : મો. ૯૮૨૫૩ ૮૬૪૯૦

Coca-Cola
જીતુભાઈ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

93283 20662 સરકાર માન્ય ISI
ગજાનંદ વજન કાંટા
સબસીડી વાળા અહિં મળશે.
જુના માર્કેટીંગયાર્ડ અંદર, કોંગ્રેસ કાર્યાલય સામે, પહેલા માળે, અમરેલી

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

J M Pest Control Service
નિયંત્રણ
ઉધઈ
આપના ઓફિસ મકાન ટેનામેન્ટમાં ઉધઈ ની ટ્રીટમેન્ટ એકવાર જરૂર કરાવો.
ઉધઈ ન થવાની પુરા ૧૦ વર્ષની લેખીત ગેરંટી
વિજયભાઈ : ૯૫૩૭૦ ૪૨૩૦૮ ✆ ૮૨૦૦૯ ૦૯૨૯૨

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

મોકાની દુકાન વેચવાની છે
જુના માર્કેટીંગયાર્ડમાં લોર્ડસ હોટલની નીચે ફર્સ્ટ ફ્લોર અમરેલી
સારથી કોમ્પલેક્ષ-૨ ડો.ટાંક સાહેબની હોસ્પિટલ સામે ગ્રાઉન્ડ ફ્લોર માણેકપરા, અમરેલી
સંપર્ક : મો.૯૯૭૮૯ ૯૭૨૯૮



ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

અવધ ટાઇમ્સ

ઇલેક્શન - ૨૦૨૪

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ



www.avadhtimes.net અમરેલી ૩ તા.૨૧-૦૪-૨૦૨૪ રવિવાર


## અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારશ્રી ભરત સુતરીયાને વિજયી બનાવવા

# ધારીના ભાજપ ચૂંટણી કાર્યાલયનું આજે ઉદ્દઘાટન

**ઉદ્દઘાટનમાં શ્રી ભીખારામબાપુ, શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી હિરાભાઇ સોલંકી, શ્રી મહેશભાઇ સોલંકી, શ્રી જનકભાઇ તળાવીયા, શ્રી રાજેશભાઇ કાબરીયા, શ્રી હિરેનભાઇ હિરપરા, શ્રી પુનાભાઇ ગજેરા, શ્રી જે.વી. કાકડીયા સહિતની ઉપસ્થિતિ**

અમરેલી,

અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા ચૂંટણી લડી રહ્યા છે ત્યારે ધારી વિધાનસભા મત ક્ષેત્રના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન આજે તા. ૨૧ને રવિવારે સાંજના પાંચ કલાકે મનમંદિર કોમ્પલેક્ષ અમરેલી રોડ, ધારી ખાતે ધારાસભ્યના કાર્યાલયની બાજુમાં ખુલ્લુ મુકાશે.

તેનું ઉદ્દઘાટન પુ.શ્રી ભીખારામબાપુ કરશે. મુખ્ય મહેમાનપદે શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી નારણભાઈ કાછડીયા, શ્રી કૌશિકભાઈ વેકીરયા, શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જનકભાઈ તળાવીયા, શ્રી રાજેશભાઈ કાબરીયા, શ્રી હિરેનભાઈ હિરપરા, શ્રી પુનાભાઈ ગજેરા અને અતિથી વિશેષપદે ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા ઉપસ્થિત રહેશે. તેમ શ્રી જીતુભાઈ જોષી, શ્રી ભુપતભાઈ વાળા, શ્રી અતુલભાઈ કાનાણી, શ્રી કિરણબેન હિરપરા, શ્રી વિપુલભાઈ સેલડીયા, શ્રી અશ્વિનભાઈ કુંજડીયા, શ્રી રાજીવભાઈ પંડયા, શ્રી શારદાબેન બકરાણીયા, શ્રી પ્રદિપભાઈ ભાખર, શ્રી કમળાબેન ભુવા, શ્રી પાર્થભાઈ કટુડીયા, શ્રી મુકતાબેન સરવૈયા, શ્રી ધીરૂભાઈ કોટડીયા, શ્રી નિતાબેન ચાવડા, શ્રી ઈલાબેન માયાણી, શ્રી જયોત્સનાબેન રીબડીયા, શ્રી પ્રવિણભાઈ માળવીયા, શ્રી કાળુભાઈ ફીંડોલીયાએ જણાવ્યું છે.

## અમરેલી લોકસભા મત વિસ્તારમાં ભાજપના ઉમેદવાર શ્રી ભરતભાઇ સુતરીયાને વિજયી બનાવવા

# સાવરકુંડલા, જાફરાબાદ પંથકના ગામોમાં ભાજપના પ્રચાર વેગવંતો

**સાવરકુંડલાના ઓળીયામાં રાત્રી સભા : જાફરાબાદના કોવાયામાં બેઠક : વારાહસ્વરૂપમાં મંદિરે દર્શન કરી આર્શિવાદ લીધા**



અમરેલી,

સાવરકુંડલાનાં ઓળીયા ગામે રાત્રિસભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોદી સરકારને મતદાન આપી જંગી બહુમતીથી વિજયી બનાવી વિકસિત ભારતના નિર્માણ માટે પોતાનું યોગદાન માટે અપીલ કરી.આ તકે સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, શ્રી પુનાભાઈ ગજેરા, શ્રી મનુભાઈ કાકડીયા, અમરેલી જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ભીખાભાઈ ધોરાજીયા તેમજ ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાફરાબાદ તાલુકાના કોવાયા ગામે લાખણોત્રા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થઈ, પૂજ્ય શ્રી રાધે રાધે જીગ્નેશ દાદાના શ્રી મુખેથી કથા સાંભળવાનો લ્હાવો લીધેલ.આ તકે રાજુલા જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી પીઠાભાઈ નકુમ, શ્રી મીઠાભાઈ જિલ્લા ભાજપના યુવા મોરચાના પ્રમુખ શ્રી ચેતનભાઈ શીયાળ, છઁસ્ભ ના ચેરમેન શ્રી જીગ્નેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી કરશનભાઈ ભીલ, શ્રી અમરીશભાઈ ડેર, શ્રી વનરાજભાઈ કોઠીવાળ, શ્રી વનરજભાઈ ડાંગર સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાફરાબાદનાં ભાકોદર ગામમાં આવેલ રામાપીરના મંદિરે દર્શન કરી, ઉપસ્થિત કર્મઠ કાર્યકર્તાઓને ચૂંટણીમાં ભાજપને બહુમતી સાથે પ્રચંડ અપાવવા જરૂરી પ્રયાસો હાથ ધરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું.આ દરમિયાન રાજુલા જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપના યુવા મોરચાના પ્રમુખ શ્રી ચેતનભાઈ શીયાળ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી દિનેશભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બાલાભાઈ, તાલુકા પંચાયત ઉપ પ્રમુખશ્રી કરશનભાઈ પરમાર, સરપંચ શ્રી ચાવડા, પૂર્વ સરપંચ શ્રી સાદુર ભાઈ બારૈયા, શ્રી અનીરુધભાઈ વાળા સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાફરાબાદનાં વરાહ ગામે શ્રી વરાહ ભગવાનના મંદીરે દર્શન કરી, મંદિરના સાનિધ્યમાં આયોજિત સભાને સંબોધી સૌને ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મોટી સંખ્યામાં મતદાન કરવા હાકલ કરી.આ દરમિયાન રાજુલા જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી દિનેશભાઈ ત્રિવેદી, ગામના સરપંચ શ્રી હરસુખભાઈ, અનિરુદ્ધભાઈ વાળા સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાબર કોટ ગામે ખોડિયાર માતાજી મંદીરે દર્શન કરી, મંદિરના સાનિધ્યમાં આયોજિત સભાને સંબોધી સૌને ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મોટી સંખ્યામાં મતદાન કરવા હાકલ કરી.આ તકે રાજુલા જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપના યુવા મોરચાના પ્રમુખ શ્રી ચેતનભાઈ શીયાળ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખ દિનેશભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બાલાભાઈ, શ્રી અનીરુધભાઈ વાળા સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.જાફરાબાદનાં વઢેરા ગામે હરસિદ્ધિ માતાજી મંદીરે દર્શન કરી, મંદિરના સાનિધ્યમાં આયોજિત સભાને સંબોધી સૌને ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મોટી સંખ્યામાં મતદાન કરવા હાકલ કરી.દરમિયાન રાજુલા જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી દિનેશભાઈ ત્રિવેદી, ગામના સરપંચ શ્રી લક્ષ્મણ ભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બાલાભાઈ સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલામાં નરેન્દ્ર મોદીને પ્રચંડ જનસર્થન માટે અને ભાજપના ભરત સુતરીયાને જીતાડવા વ્યાપક જન સંપર્ક કરતા ધારાસભ્ય કસવાલા

# સાવરકુંડલા વિધાનસભાના ગામોમાં આગેવાનો અને ગ્રામજનો સાથે ચુંટણી લક્ષી બેઠકો કરતા મહેશ કસવાલા

**માર્કેટ યાર્ડના ચેરમેન દિપક માલાણી, તાલુકા પ્રમુખ જીતુ કાછડીયા સહીતના આગેવાનો આ જનસંપર્ક સભાઓમાં જોડાયા**



અમરેલી,અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવારની પ્રચંડ જીત માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક નાના મોટા કાર્યક્રમો થઈ રહયા છે ત્યારે સાવરકુંડલા તાલુકાના જુદા જુદા ગામોમા પ્રદેશ ભાજપ મંત્રી અને સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશ કસવાલા દ્વારા કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભુપેન્દ્રભાઈ પટેલની દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાની જાણકારી આપી તેમજ આગામી ૨૦૪૭માં ભારત દેશ વિકસીત બને તેના મુદ્દાઓ વિશે સમજણ આપી ભાજપ તરફી મતદાન કરવા સભાઓ કરતા શ્રી કસવાલા. સાવરકુંડલા તાલુકાના ઘજડી, સાકરપરા, મિતીયાળા, કૃષ્ણગઢ, બગોયા, ગીણીયા, આદસંગ, ઘનશ્યામનગર, થોરડી ગામોમાં ગામના આગેવાનો, સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ અને ગ્રામ જનો સાથે ચૂંટણી સભાઓ કરી કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભુપેન્દ્ર પટેલની સરકારની કરેલા વિકાસના મુદ્દાઓ વિશે ચર્ચા કરી લોકસભા ચુંટણીમાં ભાજપ પ્રત્યાશી શ્રી ભરત સુતરીયાને જીતાડવા અપીલ ધારાસભ્યશ્રી કસવાલાએ કરેલ હતી આ જન સંપર્ક સભાઓમાં માર્કેટયાર્ડના ચેરમેનશ્રી દિપકભાઈ માલાણી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા, જીલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ શ્રી લાલાભાઈ મોર, શ્રી ગૌદાની, સરપંચ એશોસીએશનના પ્રમુખશ્રી હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા ભાજપના મહામંત્રીશ્રીઓ શ્રી નિતનીભાઈ નગદીયા, શ્રી ચેતનભાઈ માલાણી સહીતના આગેવાનો જોડાયા હતા તેમ તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીવનભાઈ વેકરીયાની યાદીમાં જણાવાયુ હતુ.

### અમરેલી લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી ભરત સુતરીયા આજે ધારી તાલુકાના પ્રવાસે

અમરેલી,અમરેલી લોકસભા બેઠકનાં ભાજપના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા આજે તા.૨૧ રવિવારે ધારીના ગામોનો પ્રવાસ કરશે. જેમાં સવારે ૭ વાગ્યે કાઠી ક્ષત્રીય સમાજવાડી લાખાપાદર અને બેવડામાં રૂપારેલીયાવાડીમાં સવારે ૧૦.૩૦ કલાકે અને ત્રંબકપુરમાં પટેલ સમાજવાડીમાં સાંજે ૪ વાગ્યે લોકસંપર્ક કરશે અને ધારીમાં સાંજે ૬.૩૦ કલાકે ભાજપ કાર્યાલયનું ઉદઘાટન બાદ સાંજના ૬.૩૦ વાગ્યે દલખાણીયા રામજી મંદિર ચોકમાં બેઠકમાં હાજરી આપી ચલાલા સાંજે ૮.૩૦ કલાકે લોક સંપર્ક કરશે. તેમ જણાવાયુ છે.


**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૮/૨૦૨૪.................તા.૨૨-૦૩-૨૦૨૪

વિવાદી :- શ્રી હમીરભાઈ અમરાભાઈ સોલંકી રહે. દરેડ, તા.બાબરા

વિરૂધ્ધ પ્રતિવાદી :- તલાટીકમ મંત્રી દરેડ ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે દરેડ ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પત્ની જીવુબેન હમીરભાઈ સોલંકીનું મરણ તા.૦૫-૦૬-૧૯૮૫ ના રોજ મોજે દરેડ, તા.બાબરા મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧-૦૧-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૩-૦૫-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ

લાઠી



**બહાર ગામ પ્રોપર્ટી વેચવાની છે.**

**: રાજકોટ :**

કટારીયા ચોકડી, ન્યારી ડેમ પાસે આશારામ આશ્રમથી તદ્દન નજીક ફુલ ફર્નિશ્ડ બંગ્લોઝ વેચવાનો છે.

મનહર પ્લોટમાં બસ સ્ટેન્ડની તદ્દન નજીક લોનેબલ ફ્લેટ વેચવાનો છે.

મેઘાણીનગર, કોઠારીયા રોડ ૭૫ વાર પ્લોટમાં 3 BHK મકાન

**: જુનાગઢ :**

ઝાંઝરડા રોડ ઉપર 2 BHK ફર્નિચર સાથેનો લોનેબલ ફ્લેટ તદ્દન કસમાં વેચવાનો છે.

**: અમદાવાદ :**

ઉજાલા સર્કલ પાસે 1 BHK & 3 BHK તદ્દન નવા જ પેન્ટ હાઉસ વેચવાના છે.

વસ્ત્રાલ મેટ્રો સ્ટેશન સામે 1 BHK પ્રાઈમ લોકેશનમાં ફલેટ

**: મોરબી :**

સિરામિક સિટી વાંકાનેર રોડ ઉપર 1 BHK ફ્લેટ તાત્કાલીક વેચવાનો છે.

**ખેતીની જમીન અને મકાન વેચવાના છે.**

અમરેલીથી ૩૦ કિ.મી.નાં અંતરે નેશનલ હાઈવેની બાજુમાં ૪.૨૫ વિઘા જમીન ૯ લાખ

વડેરા ગામના પાધરમાં કરાળ ૮ વિઘા જમીન ૪ લાખના ભાવથી વેચવાની છે.

ઢસા અને ચાવંડની વચ્ચે જાનબાઈની ડેરડી ગામની ૧૫ વિઘા વાડી અને ૫ વિઘા જમીન

લાઠી રોડ ઉપર નાના મોટા બજેટના નવા જુના મકાન

**લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪**



**CHANGE IN NAME**

I Undersigned here by declare that I have changed my name from SARIKABEN KAILASHCHANDRA PAREKH To SARIKABEN KAILASHBHAI PAREKH

Sd/- SARIKABEN KAILASHBHAI PAREKH

**CHANGE IN NAME**

I Undersigned here by declare that I have changed my name from KAILASHCHANDRA PRAVINCHANDRA PAREKH To KAILASHBHAI PRAVINBHAI PAREKH

Sd/- KAILASHBHAI PRAVINBHAI PAREKH


**દુઃખદ અવસાન / બેસણું**

ઔદિચ્ય બ્રાહ્મણ મરણ



**સ્વ. ઇન્દુમતીબેન જશવંતરાય વ્યાસ**

સ્વ.તા.૨૦-૦૪-૨૦૨૪ શનિવાર

શેખ પીપરીયા નિવાસી જશવંતરાય જટાશંકર વ્યાસ ના ધર્મપત્ની ઇન્દુમતીબેન વ્યાસ (ઉ.વ.૬૫) જે સ્વ.ત્રંબકભાઇ જે.વ્યાસ (અમદાવાદ), કનુભાઇ જે.વ્યાસ (શેખ પીપરીયા) સ્વ.રમેશભાઇ જે.વ્યાસ (જેતપુર) ના નાનાભાઇ ના પત્ની, કમલભાઇ, કેતનભાઇ તથા નયનાબેન બી.પુરોહિત (મોટા આંકડીયા) ના માતૃશ્રી થાય, સ્વ.મથુરદાસ દેવાશંકર જાની ના દિકરી તથા શુકદેવભાઇ (વાંડળીયા) ના બહેનનું દુઃખદ નિધન તા.૨૦-૦૪-૨૦૨૪, શનિવારના રોજ થયેલ છે.

**-: સદગતનું બેસણું :-**

તારીખ : ૨૨-૦૪-૨૦૨૪ ને સોમવારના રોજ

સવારે ૮:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ સુધી

તેમના નિવાસ સ્થાન શેખપીપરીયા (તા.લાઠી) મુકામે રાખેલ છે.


**શ્યામ આંખની હોસ્પિટલ**

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**

(આંખના સર્જન)

મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સુવિધા :**

- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન (જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અધતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

**-: સ્થળ :-**

**-: અમરેલી :-** સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

**-: રાજુલા :-** શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦



**એડમિશન ચાલુ છે**

ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ

- SI
- ફાયર સેફ્ટી
- ANM
- GNM
- BSC
- PBSC
- D.PHARM

Sc St વિદ્યાર્થી ને સ્કોલરશીપ

ધો.૧૦ ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવો

વધુ માહિતી માટે

લક્ષ્ય એજ્યુકેશન અમરેલી

૭૦૪૩૮ ૧૯૯૫૬

lakshyaeducationamreli@gmail.com

https://lakshyaeducation.org.in/

LAKSHYA EDUCATION

અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, અમદાવાદ



**વોટર પ્રુફીગ (લેખીત વોરંટી સાથે)**

(ફકત ઈમ્પોંટિડ વોટર પ્રુફીગ મટીરીયલ વડે)

- **ધાબા :-** ચાઈના મોઝેક વાળા, ટાઈલ્સ વાળા, કોંક્રીટવાળા
- **પતરા :-** કોઈપણ જાતના પતરાનું લીકેજ

સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીગ કરી આપીશું.

નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીગ કરાવવા અચુક સંપર્ક કરો.

**ડીઝાઈન એન્જીનીયરીગ અને વોટરપ્રુફીગ કન્સલટન્સી**

(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઈ શાખા નથી)

કોન્ટેકટ નંબર :- 7567191919, 9898325787





**અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ**

**એકલવ્ય કોમર્સ** 100% કોમર્સ

ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)

શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :

- દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
- ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
- છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ

અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટબોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કુલ

**ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ**

| ધો.10 P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.

સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર..

વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.

**અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..**

એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...

નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી



ચુનાવ કા પર્વ
દેશ કા ગર્વ

# અવધ ટાઈમ્સ

## ઇલેક્શન - ૨૦૨૪

ચુનાવ કા પર્વ
દેશ કા ગર્વ



www.avadhtimes.net અમરેલી ૫ તા.૨૧-૦૪-૨૦૨૪ રવિવાર


### વડાપ્રધાનશ્રી મોદીએ આઝાદી પછી પ્રથમ વખત શિક્ષણ પધ્ધતિમાં પરિવર્તન લાવીને નવી શિક્ષણનિતી અમલમાં મુકી છે : શ્રી રૂપાલા

# રાજકોટના શિક્ષણ સેમિનારમાં શ્રી રૂપાલાની ઉપસ્થિતિ

**અગ્રણી શ્રી દિનેશભાઇ ચોવટીયા અને ગૌસ્વામી પરિવારની સૌજન્ય મુલાકાત લીધી : આહિર સમાજના કાનગડ પરિવારને દિલસોજી પાઠવતાશ્રી રૂપાલા**

**જુનો મોનેટા ફોનસોલ પ્રા. લી. કંપનીના ઓફિસ ઉદ્દઘાટનમાં હાજરી આપી શૈક્ષણિક શાળા સંચાલન મંડળના કાર્યક્રમમાં શ્રી રૂપાલાએ હાજરી આપી**

**મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, શ્રી રામભાઇ મોકરીયા, ડો. દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઇ ટીલાળા સાથે જોડાયા**



રાજકોટ,

રાજકોટ લોકસભા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાએ અસંખ્ય કાર્યક્રમોમાંહાજરીઆપીલોકસંપર્કસાથે બેઠકોયોજીપ્રચારપ્રસાર કર્યોહતો.આજે શ્રી રૂપાલાએ ભાજપના આગેવાનો શ્રી દિનેશભાઈ ચોવટીયાના પરિવારની સૌજન્ય મુલાકાત લીધી હતી. તે વેળાએ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી રામભાઈ મોકરીયા, ડો. દર્શિતાબેન શાહ,શ્રી રમેશભાઈ ટીલાળા, ડો. ભરતભાઈ બોઘરા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી નયનાબેન પેઢડીયા, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી હરેશભાઈ કાનાણી, શ્રી અશ્વિનભાઈ ભાંભર, શ્રી બિપીન બેરા, શ્રી જયસુખભાઈ મારડીયા અને ઉપ જેટલી સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

આહિર સમાજના અગ્રણી કાનાભાઈ કાનગડ પરિવારના પુત્ર નવીનભાઈ કાનગડનું નિધન થતાં શ્રી રૂપાલાએ દિલસોજી પાઠવી હતી. અને સ્વ.નવીનભાઈને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ભાજપના અગ્રણી શ્રી સંજયભાઈ ગૌસ્વામી પરિવારની સૌજન્ય મુલાકાત લીધીહતી. જુનોમોનેટાફોનસોલપ્રા.લી. કંપનીની ઓફિસના ઉદઘાટન પ્રસંગે અતિથી વિશેષ તરીકે શ્રી પરશોતમ રૂપાલાએ હાજરી આપી હતી. બાદમાં શહેરના સ્વનિર્ભર શૈક્ષણિક શાળા સંચાલક મંડળના સેમિનારમાં પણ શ્રી રૂપાલાએ હાજરી આપી હતી અને જણાવ્યું કે યશસવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદી પછી પ્રથમ વખત શિક્ષણ પધ્ધતિમાં આમુલ પરિવર્તન લાવીને દેશની સંસ્કૃતિને અનુરૂપ અને માતૃભાષાને મહત્વ આપતી નવી શિક્ષણનિતી અમલમાં મુકી છે. તેમ જણાવી શ્રી રૂપાલાએ જણાવ્યું કે લોકશાહીના પર્વની ઉજવણીમાં ૧૦૦ ટકા મતદાન કરીએ. દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે ત્યારે નવી શિક્ષણ નિતી ભવિષ્ય માટે વર્તમાન પેઢીના સમાર્થ્યને વધારવા માટે ખુબજ ઉપયોગી પુરવાર થશે તેમ શ્રી રૂપાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું.

## નાગેશ્રીમાં ડો. આંબેડકર જન્મજયંતિ ઉજવાઇ

### રાજુલા જાફરાબાદ ખાંભા સહિત વિવિધ વિસ્તારોમાંથી મેઘવાળ સમાજ નાગેશ્રીમાં ઉમટયો



રાજુલા,ભારત રત્ન વિશ્વવિભૂતિ બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જયંતી નિમિત્તે નાગેશ્રી ખાતે જન્મ જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં મીઠાપુર થી નાગેશ્રી સુધી સવારે ભવ્ય મહા રેલી કાઢવામાં આવી અને ફૂલહાર કરવામાં આવ્યા હતા તેમજ મેઘવાળ સમાજનાગેશ્રી ખાતે બાબા સાહેબભવ્ય રેલી અને સભાનું આયોજન કરવામાં આવ્યું બાબાસાહેબ આંબેડકરના કરેલા કામગીરીને ઉપસ્થિત ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાંસદના ઉમેદવાર જેની ઠુંમર પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર તથા આ જિલ્લા પંચાયતના સદસ્ય પૂર્વ એવા ટીકુભા વરુ બંધારણના ઘડવૈયા ખુબ જ યાદ કરી બિરદાવ્યા હતા જણાવ્યું કે કોંગ્રેસના કરતા હતાઅને બંધારણનો ઘડતર કરવામાં સમગ્ર દેશનું બંધારણ ઘડ્યુંછે તેવા ડોક્ટર આંબેડકરને કેમ ભૂલી જવાય કાયદાની જાણકારી અભ્યાસ શિક્ષણ સહિતમાં ડોક્ટર આંબેડકર નોંધ નહીં ફાળો હતો મેઘવાળ સમાજના આગેવાનો મેઘવાળ સમાજના શ્રી વાઘજીભાઈ જોગદીયા સમાજમાં સંગઠન એકતા ડોક્ટર બાબા સાહેબના નિર્ણયોને સમાજે અમલ કરવો જોઈએ અને શિક્ષણ અંગે આ સમાજમાં ખાસ જરૂર છે તેમ શ્રી વાલજીભાઈ એ જણાવ્યું હતું લીલા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ કરશનભાઈ ચૌહાણ ડુંગર સોંદરવા ભાઈ મેઘવાળ સમાજના આગેવા સમાજના મેઘા વાળ સમાજના ત્રણ તાલુકાના આગેવાનો એવા ભીખાભાઈ સરવૈયા તથા વાલજીભાઈ વીજુડા તથા જયંતીભાઈ પરમાર દેવજીભાઈ વેલારી કિશોરભાઈ ધાકડા સોમાભાઈ જોગદીયા ગોકળભાઈ જોગદિયા સી એલ પરમાર શામજીભાઈ વાળા શામજીભાઈ કાનાભાઈ જોગદીયા વીરાભાઈ સાગઠીયા પ્રવીણભાઈ કલરવાળા જાફરાબાદ સહિતના રાજુલા જાફરાબાદ અને ખાંભા વિસ્તારમાંથી મેઘવાળ સમાજના આગેવાનો ભાઈઓ બહેનો ઉપસ્થિત હતા અને ભીમપ્રસાદ નુંપણ આયોજન કરવામાં આવ્યું હતું નાગેશ્રીના સરપંચ શ્રી નરેન્દ્ર ભાઈ વરુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરાના તમામ બાયપાસો ઉપર સ્ટ્રીટ લાઈટો લગાવાઇ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા નગર પાલિકા દ્વારા બગસરા ના ફરતે બાયપાસો ઉપર સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવી હતી જેમાં રામ નવમી ના દિવસે શુભ મુહર્ત માં બગસરા આપાગીગા ગાદી મંદિર ના મહંત પ.પૂ.શ્રી જેરામબાપુ અને બગસરા નૂતન સ્વામી નારાયણ મંદિર ના સ્વામી લક્ષ્મીપ્રસાદ સ્વામીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં બગસરા આપાગાદી મંદિર ના કોઠારી હરિબાપુ તેમજ બગસરા નૂતન સ્વામી નારાયણ મંદિર ના વિવેકસ્વરૂપ સ્વામી તેમજ હરિભક્તો તેમજ બગસરા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રીબડિયા બગસરા પાલિકા પૂર્વ ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા બગસરા પાલિકા સદસ્ય મહેશભાઈ પરમાર, કમલેશભાઈ જોષી, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર બગસરા શહેર ભાજપ ઉપપ્રમુખ ઘનશ્યામ સાદરાણી, જીતુ બોરીચા, બગસરા નાગરિક સહકારી મંડળી લી ના ચેરમેન રશ્વીનભાઈ ડોડીયા સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી ના ચેરમેન અનિલભાઈ વેકરીયા બગસરા શહેર ભાજપ ના કાર્યકર્તા ડો. આનંદભાઈ કામળિયા, મુકેશભાઈ દીક્ષિત ભરતભાઈ સોમાણી સહિત ના આગેવાનો હાજર રહ્યા હતા.

## સાચું સુખ જોઈતું હોય તો જૈન દીક્ષાનો માર્ગ શ્રેષ્ઠ છે : આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરિજી

અમદાવાદ, (રાજેશ મહેતા)

અમદાવાદમાં યોજાઈ રહેલા ઐતિહાસિક દીક્ષા મહોત્સવમાં નિશ્રા આપવા પધારી રહેલા આચાર્યશ્રી વિજયયોગતિલકસૂરિજી મહારાજાની ખ્યાતિ દીક્ષાના મહાનાયક તરીકે ફેલાઈ રહી છે. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈને ૩૫-૩૫ થી સ્ત્રીપુરૂષો અમદાવાદ ખાતે ૨૨ એપ્રિલે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના છે. આચાર્યશ્રી વિજયયોગતિલકસૂરિજી મહારાજા મુંબઈની એચ.આર. કોલેજમાં ભણીને ૨૧ વર્ષની ઉંમરે સી.એ. થયા હતા અને તેમણે પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન જૈનાચાર્ય વિજયરામચન્દ્રસૂરિજી મહારાજાની વૈરાગ્યથી તરબોળ પ્રવચનો સાંભળીને તેમને દીક્ષા લેવાની ભાવના થઈ આવી. માત્ર ૨૩ વર્ષની વયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રેક્ટિસ છોડીને તેમણે ઈ.સ. ૧૯૮૮ માં દીક્ષા લીપી. તેમના પ્રવચનો સાંભળીને ૧૨૫ ભાઈઓ અને ૨૩૩ બહેનો દીક્ષા લઈ ચૂક્યા છે. અત્યારે તેઓશ્રી ૧૩૭ શિષ્યોના ગુરુપદે બિરાજમાન છે. આજના કાળમાં બહુમતી લોકો ખાવાપીવામાં અને હરવાફરવામાં જ જીવનની સાર્થકતા માને છે. આ વાતાવરણમાં આચાર્યશ્રી વિજયયોગતિલકસૂરિજી મહારાજા કોલેજમાં ભણતા અથવા સંસારમાં સુખી અને શ્રીમંત તરીકે ઓળખાતા સ્ત્રીપુરુષોને કઈ દલીલો વડે દીક્ષા લેવા તૈયાર કરવામાં સફળ થાય છે, એ જાણવા માટે આચાર્ય ભગવંત સાથેની આ મુલાકાત વાંચવી જ રહી.

સવાલ: આપે સી.એ. સુધી ભણીને દીક્ષા લીધી છે. આપની નિશ્રામાં ૩૫ આત્માઓ દીક્ષા લેવાના છે. આજના કાળમાં વિજ્ઞાન આટલું આગળ ગયું છે ત્યારે દીક્ષાની વાત જૂનવાણી નથી લાગતી?

જવાબ : આજે બધા માનવીઓ સંસારમાં સુખ શોપે છે. પણ સાચું સુખ કોઈને મળતું નથી. આજના ગરીબોને તનની બીમારીઓ છે તો શ્રીમતો મનની બીમારીઓના શિકાર બન્યા છે. માટે જ સુખી થવું હોય તો મનને અશાંત કરનાર અપેક્ષાઓના બોજાથી મુક્ત થવું જોઈએ. મુક્ત થવા આત્મામાં પડેલા રાગ, દ્વેપ વગેરે દોષોને દૂર કરવા જરૂરી છે. દોષોને દૂર કરવા માટે એ કોપોની પુષ્ટિ કરનારા નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. જયાં સુધી તમે સંસારમાં છો, ત્યાં સુધી નિમિત્તોથી બચી ન શકાય, માટે સંસાર છોડવો જોઈએ.

સવાલ : આપ આત્માની વાત કરો છો, પણ હું આત્માને માનતો નથી. મારો તો નિયમ છે કે જે દેખાય તે માનવુ. આત્મા કયાં દેખાય છે? બતાવો, તો હુ આપની વાત સ્વીકારું.

જવાબ : જે ન દેખાતું હોય તેના અસ્તિત્વને નકારી કાઢવામાં સમજણનો અભાવ છે. તમારામાં જે બુદ્ધિ છે તે દેખાતી નથી. છતાં તમે તેને માનો છો.

સવાલ : જૈન સાધુનું જીવન ખૂબ કષ્ટદાયી છે. એ રીતે જીવવું અમારા માટે શક્ય જ નથી. વળી એવી રીતે જીવવામાં મજા આવે એ વાત તો મગજમાં ઊતરતી જ નથી. શું દીક્ષા લીધા વિના સાત્વિક જીવન ન જીવી શકાય?

જવાબઃ આ વાત સમજવા તમને એક ઉદાહરણ આપું. એક વ્યક્તિને હાર્ટ એટેક આવ્યો છે. તેને ફાઈવ સ્ટાર હોસ્પિટલના આઈ.સી.યુ. માં દાખલ કરવામાં આવ્યો છે. ત્યાં તમામ પ્રકારની સુખસુવિધાઓ છે. એસીની ઠંડક છે. ડનલોપની ગાદી છે, ટીવી સેટ છે, મ્યુઝિક સિસ્ટમમાંથી સંગીત રેલાઈ રહ્યું છે, ટિપોઈ ઉપર ફૂટની ડીશ પડી છે, માયાળુ નર્સો સેવામાં હાજર છે. સગાવહાલાઓની લાઈનમાં એક માણસ પરસેવે રેબઝેબ થતો ઊભો છે. તેના પગમાં ચંપલ નથી, તેણે ખાદીના કપડાં પહેર્યાં છે, પણ તે નિરોગી છે. આ બેમાંથી કયો માણસ વધુ સુખી જણાય છે? તમને કૌની દયા આવે છે?

સવાલ : આપની તર્કશક્તિ બહુ જોરદાર છે. આઈ.સી.યુ. માં રહેલો માણસ સુખી માટે નથી કે તે રોગની પક્કડમાં સપડાયેલો છે. આ સંસારમાં બધા માણસો આવા રોગી નથી હોતા, માટે તેઓ દુઃખી નથી હોતા. જેઓ દુઃખી નથી તેમણે દીક્ષા લેવાની શી જરૂર છે?

જવાબ : સાચું સુખ સગવડોમાં નથી પણ સ્વતંત્રતામાં છે. આજના શ્રીમંતો સ્વતંત્ર નથી પણ સગવડોના ગુલામ છે. હોન્ડા સિટી ઊતરતો માણસ તમને સુખી લાગે છે. પણ હકીકતમાં તે પરાપીન છે, માટે દુઃખી છે.

સવાલ : આપ સી.એ. છો. આપની પાસે બુદ્ધિ છે. આપ ધારો તો લાખો રૂપિયા કમાઈ શકો છો. આપ આ રીતે લાખો રૂપિયા કમાઈને ગરીબ લોકોને રોટી, કપડાં, મકાન વગેરે આપો એ મહત્ત્વનો ઉપકાર નથી?

જવાબ : સંસારના બધા દુઃખોનું ખરું કારણ રોટી, કપડાં, મકાન વગેરે સામગ્રીઓનો અભાવ નથી, પણ મનને અસ્વસ્થ બનાવતા દોષોની પુષ્ટિ રૂપ પાપોનું આચરણ છે.

સવાલ : આજે રીતે નાના અબુધ બાળકોને દીક્ષા અપાય છે તે સાવ ખોટું છે. જેણે હજી સંસાર જોયો પણ નથી તેવાં નાનાં બાળકને દીક્ષા આપવામાં બાળકના ઉપર જુલમ થતો હોય તેવું નથી લાગતું?

જવાબ : નાનું ભાળક પોતાના ભવિષ્ય વિશે વિચારી શકે એટલું પુખ્ત નથી હોતું પરંતુ તેના વાલીઓ તો તેનું ભવિષ્ય વધુ ઉજજવળ છે, તે જરૂર વિચારી શકે છે. માટે જૈન શાસનમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકને તેના વડીલની સંમતિ વિના દીક્ષા ન આપવાનો નિયમ બનાવવામાં આવ્યો છે. આજનાં માબાપો આધુનિક શિક્ષણના મોહમાં અઢી વર્ષના બાળકને પ્લે સ્કૂલમાં પકેલી તેનું બાળપણ બરબાદ કરે છે.

સવાલ : જૈન સાધુના રહેવાની ભોજનની, વસ્ત્રોની,દવાની વગેરે વ્યવસ્થા તો સમાજે કરવી પડે છે. આપને લાગતું કે સમાજ ભારરૂપ બનીને જીવવાને બદલે સાધુએ આજીવિકા રળી લેવી જોઈએ?

જવાબ :ભારતના વડા પ્રધાનના ભોજન, આવાસ, મુસાફરી, દવાઓ, સુરક્ષા વગેરેની જવાબદારી સરકાર અથવા પ્રજા વહન કરે છે. કારણ કે વડા પ્રધાનનું જીવન પ્રજાની ભૌતિક સુખસગવડો માટે સમર્પિત હોય છે.

સવાલઃ સાચા સુખી બનવા માટે સાધુ થવું જોઈએ, એ વાત સમજાઈ ગઈ છે, પણ હવે એક સવાલ બાકી રહે છે. આજના ઘણા સાધુઓની જિંદગીમાં પણ આવું સુખ જોવા મળતું નથી. વળી તેઓ આત્માની વાતો કરવાને બદલે સંસારની જ વાતો કરતા હોય છે. ત્યારે એમ લાગે કે સંસારમાં સારું જીવન જીવવું જોઈએ.

જવાબ : તમારો સવાલ સિદ્ધાંતને લગતો નથી પણ વ્યક્તિને લગતો છે. વ્યક્તિની ખરાબીથી દિલાધર્મ અયોગ્ય ઠરતો નથી. હીરાબજારમાં કોઈ ઉઠમણું કરે એટલે લોકો થયો બંધ નથી કરી દેતા. આજના કાળમાં પણ સાચું સાપુજીવન જીવનારા ત્યાગી, તપસ્વી, શાની સાધુઓ મોટી સંખ્યામાં છે. જેઓ સાચા સુખની પ્રાપ્તિ કરવા માંગતા હોય તેમના માટે સર્વસંગનો તયાગ કરવાનો એકમાત્ર વિકલ્પ સાપુજીવન છે.

### શ્રી ભુરખિયા હનુમાનજીના પાવન સાનિધ્યમાં

## ૨૨મીએ ભુરખિયામાં લોકડાયરો યોજાશે

### સંતવાણી અને લોકગાયક શ્રી વિમલ મહેતાની ટીમ ડાયરાની જમાવટ કરશે



અમરેલી,

શ્રી ભુરખિયા હનુમાનજી હજારો લોકોનું શ્રદ્ધાનું કેન્દ્ર છે જયાં હનુમાન જયંતીના દિવસે લોકો પદયાત્રા કરીને જાય છે.આ વખત હનુમાન જયંતીની પૂર્વ સંધ્યાએ એટલે કે તારીખ ૨૨.૦૪.૨૦૨૪ ને સોમવારે રાત્રે ૮ કલાકે ભૂરખીયા દાદાના મંદિરે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યુંછે જેમાં અમરેલી જિલ્લાના ગૌરવ સમાં ગાયક શ્રી વિમલ મહેતા પોતાની કલા પ્રસ્તુત કરશે.આ સમગ્ર આયોજન ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તથા અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના આર્થિક સહયોગથી કરવામાં આવશે.

## પાળીયાદમાં રામનવમી પર્વની ઉજવણી કરાઇ



રાજુલા,તારીખ ૧૭/૦૪/૨૦૨૪ ને બુધવાર ના રોજ પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં રામનવમી ના પર્વ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી રામનવમી ના પવિત્ર દિવસે જગ્યા માં રામયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું અને બપોરે ૧૨:૦૦ વાગ્યે રાઘવેન્દ્ર સરકાર ભગવાન શ્રી રામ અને ઠાકર શ્રી વિહળાનાથ ની ભવ્ય મહાઆરતી ઢોલ નગારા અને ફટાકડા ફોડી કરવામાં આવી હતી મહા આરતી માં જગ્યા ના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા,પૂજ્ય શ્રી ભયલુબાપુ,પૂજ્ય શ્રી ગાયત્રીબા,પૂજ્ય શ્રી દિયાબા અને બાળ ઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ સહિત ખુબ મોટી સંખ્યા માં ઠાકર ના સેવકો વિહળ પરિવાર અને ગામ ના સૌ નગરજનો ખુબ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### અંજારમાં મતિયાદેવના પદયાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન

**અંજાર મહેશ્વરી સમાજ સંચાલિત મામૈદેવ યુવા મિત્ર મંડળ દ્વારા આયોજન**



ભુજ,શ્રી અંજાર મહેશ્વરી સમાજ સંચાલિત શ્રી મામૈદેવ યુવા મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૨૩ વર્ષ થી શ્રી મોટા મતીયાદેવ ગુડથર પદયાત્રી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેમાં ચા-નાસ્તો, જમવા તથા આરામ, મેડિકલની વ્યવસ્થા કરવામાં આવે છે, વર્ષો થી પરંપરા મુજબ આ વર્ષે પણ તારીખ. ૨૧-૦૪-૨૦૨૪ થી ૨૪-૦૪-૨૦૨૪ સુધી ઉપરોક્ત સેવા કેમ્પની વ્યવસ્થા રાખવામાં આવેલ છે, આ સેવાકેમ્પ રીવેરા રિસોર્ટની સામે, એચ. પી પેટ્રોલ પંપની બાજુમાં, સાપેડા રોડ, અંજાર થી સાપેડા તરફ ૩ કિ.મી. દુર રાખવામાં આવેલ છે. નલિયા અબડાસા મધ્યે આવેલ પરમ પુજ્ય દેવશ્રી ગુડથર મોટા મતીયાદેવ મંદીરે દર્શને જતા પદયાત્રીઓ ને આ સેવા કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ સેવા કેમ્પને સફળ બનાવવા સમાજના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવના માર્ગદર્શન હેઠળ સમાજના અગ્રણીઓ તથા શ્રી મામૈદેવ યુવા મિત્ર મંડળની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહ્યા છે.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### તાલાલામાંથી અલગ-અલગ ગેરકાયદેસર હથિયાર સાથે બે શખ્સોને પકડી પાડતી એસઓજી ગીર સોમનાથ

ગીર સોમનાથ,

જુનાગઢ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી નિલેશ જાજડીયા , જુનાગઢ રેન્જ, જુનાગઢનાઓ તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ જાડેજા તરફથી લોકસભા ચુંટણી-૨૦૨૪ અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપ જીલ્લામાં ગેરકાયદેસર અને પરવાના વગરના હથીયારો પકડી પાડવા કરેલ સુચના મુજબ, ગીરસોમનાથ એસ.ઓ.જી. પો.ઈન્સ.શ્રી જે.એન.ગઢવી સાહેબ તથા પો.સબ ઈન્સ.શ્રી વી.કે.ઝાલા સાહેબના માર્ગદર્શન અનુસાર તા.૧૪/૦૪/૨૦૨૪ ના એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ. દેવદાનભાઈ કુંભરવાડીયા તથા ઈબ્રાહીમશા બાનવા તથા ગોવિંદભાઈ રાઠોડ તથા મેરામણભાઈ શામળા તથા પો.હેડ કોન્સ. ગોપાલસિહ મોરી તથા હસમુખભાઈ ચાવડા તથા ગોપાલભાઈ મકવાણા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિહ ગોહીલ તથા મેહુલસિહ પરમાર તથા મહાવિરસિંહ જાડેજા તથા એ રીતેના પોલીસ સ્ટાફ સાથે કામગીરી સબબ તાલાળા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન પો.હેડ કોન્સ ગોપાલસિહ મોરી તથા પો.કોન્સ. મેહુલસિંહ પરમાર તથા મહાવિરસિંહ જાડેજાને મળેલ સયુકત બાતમી આધારે આરોપી રફીક કાસમભાઈ મોરી, સીદી બાદશાહ, ઉવ.૩૭ રહે.તાલાલા કબ્જે કરેલ હથીયાર દેશી જામગરી બંદૂક-૦૧ કિ.રૂ.૧૦૦૦/-, આરોપી મહમદહુસેન કાસમભાઈ મોરી, સીદી બાદશાહ, ઉવ.૪૩ રહે.તાલાલા કબ્જે કરેલ હથીયાર દેશી જામગરી બંદૂક-૦૧ કિ.રૂ.૧૦૦૦/ અલગ અલગ ગે.કા. લાયસન્સ કે પરવાના વગરના આર્મ્સ એકટ મુજબ તાલાલા પો.સ્ટે.માં ગુન્હાઓ રજી.કરાવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

**નામચિન પ્રોહિબીસન બુટલેગર સામે પાસા હેઠળ વોરંટ ઇસ્યુ થતાં**

### જુનાગઢમાં પોહિબીસન બુટલેગર અજય ઉર્ફે અજલા રાડાને પાસા હેઠળ ઝડપી લીધો

**આરોપીને અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ખસેડતી ક્રાઇમ બ્રાન્ચ**




જૂનાગઢ,

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીને જાળવી રાખવા સારૂં ગેર-કાયદેસર પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુધ્ધ પાસા તથા તડીપાર જેવા અટકાયતી પગલા લેવા થયેલ સુચના મુજબ સી ડીવીઝન પો.સ્ટે. ખાતે પ્રોહીબીશન ધારા હેઠળ નોંધાયેલ ગુન્હાના સંડોવાયેલ ઈસમ વિરુધ્ધ પાસા દરખારત તૈયાર કરી અત્રે મોકલતા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા કલેકટરશ્રી અનીલ રાણાસિયા તરફ પોલીસ અધિક્ષકશ્રી મારફત મોકલતાં. જિલ્લા મેજીસ્ટ્રેટથી તથા જિલ્લા કલેકટરશ્રી જૂનાગઢ દ્વારા આવી ગેર-કાયદેશર પ્રવૃતિની ગંભીરતા સમજી ત્વરીત અજય ઉર્ફે અજલો ભુરાભાઈ રાડા રહે. જૂનાગઢ, ગાંધીગ્રામ વાળા વિરુધ્ધ પાસા વોરન્ટ ઈસ્યુ કરવામાં આવેલ. પાસા વોરન્ટ ઈસ્યુ થયા બાદ સામાવાળાને પકડી પાડવામાં આવેલ છે. અને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

■ LED હેડલાઇટ
■ ટેલલાઇટ
■ ડિજીટલ મીટર
■ બ્લુટુથ કનેક્ટીવીટી
■ અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ
પાના નં ૬
તા.૨૧-૦૪-૨૦૨૪ રવિવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## અમરેલી જીલ્લામાં મંગળવારે હનુમાન જયંતિ હોવાથી ભકતોમાં બેવડો ઉત્સાહ

# સોમવારથી પદયાત્રીઓનો પ્રવાહ ભુરખીયા તરફ વહેતો થશે

### રસ્તામાં ઠેર ઠેર સામાજીક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા ભોજન, અલ્પાહાર, ઠંડાપીણા સહિતના સ્ટોલો ખોલાશે

### વાકુનીધાર, ભુરખીયા, બાલાજી, લાલાવાવ, ભોજલીયા, રોકડીયા સહિત મંદિરોમાં ઉજવણીનું આયોજન : ભુરખીયા જતાં યાત્રિકોને સુરક્ષા પુરી પાડવા ચેમ્બર દ્વારા કલેકટરને રજુઆત

### ભુરખીયામાં ચાલીને જતા પદયાત્રીકો માટે ગરમ પાણી દુખાવાના સ્પ્રે સહિતની સુવિધાઓ અપાશે



અમરેલી,

અમરેલી શહેર અને જીલ્લાભરમાં ચૈત્રી સુદ પુર્ણિમા.તા.૨૩-૪ મંગળવારના હનુમાન જયંતિ આવતી હોવાથી ભકતોમાં ઉત્સાહ બેવડાયો છે. અમરેલી નજીક ભુરખીયા હનુમાન દાદાના મંદિરે પગપાળા ચાલીને જતા શ્રધ્ધાળુઓનો પ્રવાહ તા.૨૨-૪ સોમવારના સાંજથી મોડી રાત્રિ સુધી દાદાના દર્શને જવા માટે અમરેલીથી અંદાજીત પચાસ હજાર જેટલા પદયાત્રીઓ જતા હોય છે.પદયાત્રીઓ માટે અમરેલી લાઠી રોડથી રસ્તામાં પદયાત્રીઓમાટે જુદીજુદીસેવાકીયઅને સામાજીકસંસ્થાઓદ્વારાસરબત,ગોલા, તડબુચ ,ટેટી, આઈસ્ક્રીમ તેમજ નાસ્તાના સ્ટોલો ઉભા કરવા તૈયારીઓ ચાલી રહી છે.

પદયાત્રીઓને ચાલવામાં મુશ્કેલી નપડે તે માટે રસ્તામાં પોલિસ પેટ્રોલીંગ પણ શરૂ રાખવામાં આવે છે.ચાલીને જતા પદયાત્રીઓને રસ્તામાં થાક લાગે તોઆરામ કરવા માટે તેમજ ગરમ પાણી અને દુખાવાના સ્પ્રેની પણ સેવાકીય સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓની સેવા માટે વ્યવસ્થા કરવામાં આવે છે.અમરેલી જીલ્લામાં ભુરખીયા સહિત વાકુનીધાર ,લાલાવાવ, બાલાજી, ભોજલીયા, રોકડીયા, પંચમુખી હનુમાન સહિત જીલ્લાભરમાં ઠેર ઠેર હનુમાનદાદાની ડેરીએ હનુમાન ચાલીસા, સત્યનારાયણ ભગવાનની કથા, ભજન, ધુન ,બટુક ભોજન તેમજ પ્રસાદની વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

### ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન

## રાજકોટ લોકસભા બેઠકમાં ૬ ઉમેદવારી પત્રો અમાન્ય : ૧૦ ઉમેદવારી પત્રો માન્ય

### ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ સુધીમાં કુલ ૧૬ ઉમેદવારી પત્રો ભરાયેલા

અમરેલી,

રાજકોટ લોકસભામતવિસ્તારમાંઉમેદવારી પત્રોભરવાનીછેલ્લીતારીખસુધીમાંકુલ ૧૬ ઉમેદવારી પત્રો ભરાયા હતા તેમાંથી આજે ઉમેદવારીપત્રોનીચકાસણીમાં ૧૬ માંથી ૧૦ ફોર્મ માન્ય રહયા છે અને ૬ ફોર્મ અમાન્ય હોવાનું જાણવા મળ્યું છે માન્ય રહયા છે તેવા ભાજપનાં શ્રી પરશોતમભાઈ રૂપાલા, બસપાનાં સવસાણી ચમનભાઈ નાગજીભાઈ, કોંગ્રેસનાં પરેશભાઈ ધાનાણી તેમજ અપક્ષ દેશાણી અમરદાસ, અપક્ષ સિંધવ પ્રકાશભાઈ ગોવિંદભાઈ, અપક્ષ આચાર્યભાવેશભાઈ ઉપેન્દ્રભાઈ, અપક્ષ જાલા નયનકુમાર, અપક્ષ જાગીયા નિરલભાઈ અમૃતલાલ, અપક્ષ લુહાર જીજ્ઞેશ રાજેન્દ્રભાઈ, અપક્ષભાવેશભાઈ પીપળીયાનાં ફોર્મ માન્ય રહયા હતા જયારે વેગડા રામજીભાઈ ગોવિંદભાઈ અપક્ષ અને મેરાણ રૂડાભાઈ વાલજીભાઈ અપક્ષ, સુભાષ અંબાશંકર પંડયા (ગાંડોગોર) અપક્ષ, સોની મહાજન નરેન્દ્રભાઈ અમૃતલાલ અપક્ષ, મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા ભાજપ અને વસાવડા હેમાંગભાઈ હરીશચંદ્રભાઈ કોંગ્રેસના ફોર્મ અમાન્ય રહયા હતા. ચકાસણી બાદ કુલ ૧૦ ઉમેદવારો માન્ય રહયાનું ચુંટણી તંત્ર દ્વારા જાણવા મળ્યું છે.

### ચૈત્રી નવરાત્રીનાં પાવન પ્રસંગે ખોજા અનવરઅલી માવાણી પરિવાર દ્વારા

## અમરપુર વરૂડીમાં મેલડી માતાના મઢે હવનયજ્ઞ યોજાયો

### અવધ ટાઇમ્સના તંત્રી શ્રી ભરત ચૌહાણનું શાલ ઓઢાડી સન્માન કરતા શ્રી માવાણી





અમરેલી,

ચૈત્રી નવરાત્રીના પવન પ્રસંગે અમરેલીનાં અમરપુર વરૂડી ગામે ખોજા અનવરઅલી માવાણી પરિવાર દ્વારા મેલડી માતાના મઢે હવનયજ્ઞ યોજાયો હતો. જેમાં ભાવિકોએ યજ્ઞમાં આહુતિ આપી હતી. આ પ્રસંગે અવધ ટાઇમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે ચિતલ ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો શ્રી સુકુભા, શ્રી સુખદેવસિંહ સરવૈયા, શ્રી મગનભાઈ, શ્રી જગદીશભાઈ મેર, શ્રી રૂપેશભાઈ, શ્રી પ્રદ્યુમનસિંહ સરવૈયા, શ્રી અતુલભાઈ સહિત મઢનાં ભુવા શ્રી કનુભાઈ ચાવડીયા, શ્રી નટુભાઈ ચાવડીયા સહિત ઉપસ્થિત રહયા હતા.

### બાળકનું ડીએનએ અને આરોપીના ડીએનએ લેબોરેટરીમાં મેચ થયેલા

## ખાંભામાં ભોગ બનનાર સાથે બળાત્કાર આરોપીનો નિર્દોષ છુટકારો કરાવતા સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી

### સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીનીની ધારદાર દલીલોને ધ્યાને લઇ ધારીના એડીશનલ સેશન્સ જજ શ્રી એમ.એન. શેખ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ ર્ક્યો



અમરેલી,

આ કામના બનાવની ફરીયાદ તા. ૧૭-૦૬-૨૦૨૦ ના રોજ આ કામના ભોગ બનનારે ખાંભા પોલીસ સ્ટેશનમાં આપેલી હતી. તે ફરીયાદની વિગતે આવે તો આ કામના ભોગ બનનાર સાથે આશરે પાંચેક મહીના પહેલા સવારના નવેક વાગ્યે તેઓ તેમના ઘર પાસે આવેલ નેરડા પાસે ડંકીએ કપડા ધોવા હતા અને ત્યારે તેઓ એકલા હતા. તે વખતે તેમના ગામના અને તેમના પાડોશી આ કામના આરોપી કનુભાઈ મધુભાઈ નસીત નીકળેલ હતા અને ભોગ બનનારને જોઈને કનુભાઈએ ભોગ બનનારનું બાવડુ જબરજસ્તીથી પકડી નેરડામાં ડસડીને લઈ જઈ તેમના કપડા કાઢી બળજબરીથી તેમની સાથે શારિરીક સંભોગ કરી તેમના ઘરે જતા રહેલ અને જતા જતા ભોગ બનનારને કહેતા ગયેલ હતા કે તુ કોઈને વાત કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવું કહીને જતા રહેલ હતા. ત્યારબાદ દિવસ પછી આ કામના ભોગ બનનાર ડંકી પાસે કપડા ધોવા ગયેલ ત્યારે ભોગ બનનારની એકલતાનો લાભ લઈ તેમની સાથે ફરી વખત બળજબરી પુર્વક શારિરીક બાંધેલ અને ત્યારે પણ કોઈને કહીશ તો તેમના કુટુંબીઓને મારી નાખવાની ધમકી આપેલી. તેથી ડરના કારણે આ કામના ભોગ બનનારે આ બનાવની વાત તેમના કે કુટુંબીઓને જે તે સમયે કરેલ નહીં. પરંતુ ત્યારબાદ આ કામના ભોગ બનનારને ૩ મહીનાનો ગર્ભ રહેલ હોય જેથી ભોગ બનનારનું પેટ વધી જતા સભ્યોને ખબર પડતા તે બાબતે પુછતા ભોગ બનનારે ના છુટકે આ બનાવની વાત તેમના માતા-પિતાને કરેલ હતી અને ત્યારબાદ ભોગ બનનાર તેમની માતા સાથે મુકામે જઈને શારિરીક તપાસ કરાવતા ભોગ બનનારને ૩ માસનો ગર્ભ છે. તેવું સારવાર દરમિયાન ડોકટરશ્રીએ જણાવતા ભોગ બનનારે ખાંભા પોલીસ સ્ટેશનની અંદર આ કામના કનુભાઈ મધુભાઈ નસીત વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ - ઘજ્ઞણ૮૯૮૬૯ તથા પડણ ૮૯ વિગેરે મુજબની ફરીયાદ આપેલી. ત્યારબાદ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસે આ તપાસ જીણવટપુર્વક કરીને આ કામના આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ - ઘજ્ઞણ૮૯૮૬૯ તથા પડણ ૮૯ વિગેરે મુજબનું ચાર્જશીટ કરેલ હતું.

ત્યારબાદ ભોગ બનનારે તા. ના રોજ બાળકને જન્મ આપતા આ કામના તપાસ કરનારે ભોગ બનનાર તથા બાળક તથા આરોપીઓના બ્લડ સેમ્પલ લેવડાવી અને ગાંધીનગર મુકામે વૈજ્ઞાનિક પુરાવો મેળવવા બ્લડ સેમ્પલ મોકલેલ હતા અને જે અંગેનો લેબોરેટરીનો રીપોર્ટ તા.૫-૧૦-૨૦૨૦ના રોજ મોકલવામાં આવેલો અને જેમાં નવજાત શીશુ (બાળક)નો જન્મ થયેલ તે બાળકનું તથા આ કામના આરોપીના મદબ મળતા આવતો હોવાનો રીપોર્ટ લેબોરેટરી તરફથી કરવામાં આવેલો.

આ કામે ચાર્જશીટ થયા પછી ધારી ના એડીશનલ સેશન્સ જજ સાહેબ એમ.એન. શેખ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા ઘણા મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આ કામે ત્યારબાદ ટ્રાયલ શરૂ થતા ફરીયાદપક્ષ તરફથી ભોગ બનનાર તથા તેના પિતા તથા સગા સબંધીઓને તપાસવામાં આવેલ તથા ગાંધીનગર લેબોરેટરી તરફથી મોકલવામાં આવેલ રીપોર્ટ પણ આ કામે ટ્રાયલ દરમિયાન રજુ કરવામાં આવેલ હતા. તેમજ આ કામે એફ.એસ.એલ. અધિકારી તથા ડોકટરશ્રી તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની પણ દરમિયાન લેવામાં આવેલ હતી.

તેમ છતા આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામના આરોપીને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી તથા એડવોકેટ શ્રી વી.એ. વાળા તથા એડવોકેટ શ્રી યુ.એચ. દેવાયતકા તથા એડવોકેટશ્રી એસ.બી.ભગત હતા. આમ આ કામના આરોપીને એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા વી.એ. વાળા ની દલીલો ને ધ્યાને લઈ નામદાર કોર્ટ દવારા નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો એડીશનલ સેશન્સ જજ શ્રી એમ.એન. શેખ સાહેબારા કરવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**શેખપીપરિયા**

શેખપીપરિયા નિવાસી જશવંતરાય જયશંકર વ્યાસના ધર્મપત્ની ઈન્દુમતીબેન વ્યાસ ઉવ ૬૫ જે સ્વ. ત્રંબકભાઈ જે વ્યાસ (અમદાવાદ) શ્રી કનુભાઈ જે વ્યાસ (શેખપીપરિયા) સ્વ.રમેશભાઈ જે વ્યાસ (જેતપુર) ના નાનાભાઈ ના પત્ની કમલભાઈ કેતનભાઈ તથા નયનાબેન બી પુરોહિત (મોટા આકડીયા) ના માતૃશ્રી થાય સ્વ.મથુરાદાસ રેવાશંકર જાનીના દીકરી તથા શુકદેવભાઈ (વાંડલીયા) ના બેનનું દુઃખદ નિધન તા.૨૦/૦૪/૨૦૨૪ના રોજ થયેલ છે સદગતનું બેસણું તા ૨૨/૦૪/૨૦૨૪ સોમવારના રોજ સવારે ૮ વાગ્યાથી સાંજના ૬ સુધી તેમના નિવાસસ્થાન શેખ પીપરીયા ખાતે રાખેલ છે.

**અકાળા**

અકાળા નિવાસી હાલ ગાંધીનગર, સ્વ.પ્રીતમભાઈ વિ. વ્યાસ નિવૃત આઈએએસ ઉ.વ.૯૪ જેઓ સ્વ. કનુભાઈ વ્યાસ, પ્રો.છેલભાઈ વ્યાસ, નવનીતભાઈ વ્યાસ, નવનીતભાઈ વ્યાસ, શંશિકાંત ત્રિવેદી, અનસુયાબેન દવે, કુન્દનબેન ત્રિવેદી, સ્વ. ગીતાબેન ત્રિવેદી, ભારતીબેન દવેના મોટાભાઈ, તથા પ્રો.બિમલ વ્યાસ, શ્રેયશ વ્યાસ તથા સુનીતા વ્યાસના પિતાશ્રીનું અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા તા.૨૧-૪-૨૦૨૪ને રવિવારે શશાંક મહાજન પાર્ટી પ્લોટ અમરેલી મુકામે રાખેલ છે.

### પહેલા પાનાનું

### આજે ફેસલો

દરખાસ્ત ઉપરથી ભાજપનાં લીગલ સેલનાં શ્રીપિયુષભાઈ શુકલ અને બકુલભાઈ પંડયાએ વાંધો લીધો હતો. અને જણાવ્યુ હતુ કે કોંગ્રેસના ઉમેદવાર શ્રી જેની ઠુંમરે ચિતલ રોડ ઉપર પોતાની રોયલ કોમ્પ્લેક્ષની દુકાન હોવાની માહિતી છુપાવી છે તથા શ્રી જેની ઠુંમરના પતિ એલઆઈસી પોલીસીની લોનની વિગત છુપાવી છે તથા હોમલોનની વિગતના ખાનામાં કશુ લખ્યું નથી તેમના પતિદેવે માણસા બીઓબી શાખામાંથી ૧૩ લાખ ૫ હજારની લોન લીધી છે તેની વિગત છુપાવાઈ છે. સોગંદનામાના ફોર્મમાં હાથ પરની રોકડ આશ્રિતની ખાલી રાખી છે તથા જેનીબેનને તેમના માતા પિતા અને પતિએ ૨૪ લાખની લોન અથવા ઉછીના આપ્યા હોય તેની હકીકત છુપાવી અથવા ખોટી લખી છે. આથી જિલ્લા ચૂંટણી અધિકારીએ કોંગ્રેસના ઉમેદવારને સાંજે વાગ્યા સુધી પોતાનો જવાબ રજુ કરવા જણાવતા ડમી ઉમેદવાર શ્રી વિરજીભાઈ ઠુંમરે કોંગ્રેસના ઉમેદવાર મહુવા ખાતે પ્રચારમાં હોય વધુ સમય માંગતા ચૂંટણી પંચે વધુ સમય આપવાનો ઈનકાર કરતા શ્રી વિરજીભાઈ ઠુંમરે ચિતલ રોડ ઉપરની એ દુકાન શ્રી જેનીબેન ઠુંમરે વેચાણ કરી નાખી હોવાનો દસ્તાવેજ અને એનેક્ષર રજુ કરેલ. શ્રી ઠુંમરે રજુ કરેલ વિગતો સામે ભાજપનાં લીગલ સેલે આ દસ્તાવેજની નોંધણીના મામલે અને લોન માટે વાંધો ઉઠાવી હાઈકોર્ટમાંથી વકીલ બોલાવી પોતાનો પક્ષ રજુ કરવા માટેની મહેતલ માંગતા પ્રથમ ચૂંટણી પંચે તેમને રાત સુધીનો સમય આપેલ પરંતુ અમદાવાદથી અંતર વધુ હોય જેથી સવારના ૧૦ વાગ્યાનો સમય નકકી કરાયો છે.

બીજી તરફ શ્રી જેની ઠુંમરનાં ડમી ઉમેદવાર શ્રી વિરજીભાઈ ઠુંમરના ફોર્મમાં પણ લોકસભા ન લખાયુ હોવાનો વાંધો રજુ કરાતા શ્રી વિરજીભાઈએ લોકસભા લખ્યું હોવાનું દર્શાવતા તેમના ઉમેદવારી પત્ર સામેનો વાંધો અમાન્ય ગણી તેમનું ફોર્મ માન્ય રાખ્યું હોવાનું શ્રી ઠુંમરને ચૂંટણી અધિકારીશ્રીએ જણાવેલ.

કોંગ્રેસના ઉમેદવાર શ્રી જેની ઠુંમરનું ઉમેદવારી પત્ર માન્ય રહેશે કે અમાન્ય તેની સામે રજુ થનારા હાઈકોર્ટના વકીલોનાં દાવા અને દલીલો બાદ ચૂંટણી પંચ શું નિર્ણય કરે છે તેમની ઉપર આજે સૌની મીટ મંડાઈ છે. હાર ભાળી ગયેલ ભાજપ બે લાખ મતે હારી રહેલ હોય જેથી ખોટી ફરીયાદો કરી રહયા છે તેમ શ્રી વિરજીભાઈ ઠુંમરે મિડીયાને જણાવ્યુ હતુ.

### રાજકોટ લોકસભા મત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર

## શ્રી પરેશ ધાનાણી આજે પડધરી વિધાન સભા મત વિસ્તારમાં બેઠકો સંબોધશે

### પડધરીના ગામોમાં સ્વાભિમાન યુધ્ધ : કોંગ્રેસ અને આપના આગેવાનોની ઉપસ્થિતિ

અમરેલી,રાજકોટ લોકસભા મત વિસ્તારના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સયુંકત ઉમેદવાર શ્રી પરેશ ધાનાણી આજે પડધરી વિધાનસભા મત વિસ્તારના ગામોમાં બેઠકો યોજશે. આજે તા.૨૧ સવારે ૭.૩૦ કલાકે ન્યારા, ૮ કલાકે ખંભાળા, ૮-૩૦ કલાકે ધોકડીયા, ૯ કલાકે અમરેલી, ૯-૩૦ કલાકે સરપદડ, ૧૦-૩૦ કલાક શાલપીપળીયા, ૧૧-૩૦ કલાકે વિસામણ, ૧૨-૩૦ કલાકે ફતેપર, ૨-૩૦ કલાકે હળવતીયા, ૩-૩૦ કલાકે ખામટા, ૪-૩૦ કલાકે રામપર, ૫-૩૦ કલાકે તરઘડી, ૬-૩૦ કલાકે ડુંગારકામાં બેઠકો યોજી લોકસંપર્ક કરશે તેમ ચૂંટણી કાર્યાલય દ્વારા જણાવાયું છે.

## શિરોહીના સમસ્ત રાજપુત સમાજે હિન્દુ ધર્મ વિરોધીઓને મત નહીં આપવા નિર્ણય કર્યો

અમરેલી,શિરોહીના સમસ્ત રાજપુત સમાજે સનાતન ધર્મ વિરોધી અને હિન્દુ ધર્મ વિરોધી તેમજ રાષ્ટ્ર વિરોધી કોંગ્રેસને લોકસભા ચૂંટણીમાં મત નહી આપવા અને બહિષ્કાર કરવા તથા રામ મંદિર બનાવનારને મત આપવા સામુહિક નિર્ણય કર્યો છે. આ પ્રસંગે શિરોહી રાજપુત સમાજના અનેક આગેવાનોએ ઉપસ્થિત રહી સુત્રો પોકાર્યા હતાં.

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥
વધાઈ...વધાઈ...વધાઈ...

મહાપ્રભુજી પ્રાગટય મહોત્સવનું ભવ્ય આયોજન
અખંડ ભૂમંડલાચાર્ય જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીનો

૫૪૭ મો પ્રાગટય મહોત્સવ
તારીખ :- ૦૪/૦૫/૨૦૨૪, શનિવાર
નિકુંજનાયક શ્રી દ્વારકાધીશજી પ્રભુની અસીમ કૃપા એવમ્ આપશ્રીના આશિર્વાદથી શ્રી વલ્લભાચાર્યજીના ૫૪૭માં પ્રાગટય ઉત્સવ પ્રસંગના અલૌકિક ઉત્સવોમાં હાજરી આપવા ભાવભર્યુ નિમંત્રણ છે.
ઉત્સવોની પ્રસંગ સૂચી
-: મંગળા દર્શન :- સવારે ૭:૩૦ કલાકે
-: પલના દર્શન :- સવારે ૧૦:૧૫ પછી (નંદોત્સવ થશે)
-: રાજભોગ :- સવારે ૧૨:૦૦ કલાકે (તિલક આરતી થશે - ફૂલ મંડલીમાં દર્શન થશે)
શયનના દર્શન ફુલના બંગલા સમય : વરણાંગી આવ્યા બાદ
ભોગ આરતી :- સાંજે ૫:૦૦ કલાકે
ભવ્ય વરણાંગી શ્રી ગોવર્ધનનાથજી હવેલી – કેરીયા રોડથી સાંજે ૫:૦૦ કલાકે શરૂ થઈ કેરના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ શ્રી દ્વારકાધીશજી હવેલી એ પહોંચશે, ત્યાર બાદ શયનના દર્શન થશે. ત્યાર બાદ મહાપ્રસાદ લેવા માટે બાલભવન – રામજી મંદિરની સામે સાંજે ૭:૦૦ થી ૯:૩૦ કલાકે દરેક વૈષ્ણવોએ મહાપ્રસાદનો લાભ લેવો.
નોંધ : વરણાંગીમાં સુખપાલની સેવામાં દરેક વૈષ્ણવભાઈઓએ ધોતી–બંડી ઉપરણા સાથે તથા બહેનોએ વરણાંગીમાં કેસરી સાડીમાં બહોળી સંખ્યામાં હાજરી આપવી.
વરણાંગીમાં ચાલી ન શકે તેવા વૈષ્ણવો માટે ફોર વ્હીલ વાહનની વ્યવસ્થા રાખેલ છે. તો લાભ લેવા વિનંતી.
મહાપ્રભુજી ઉત્સવમાં વૈષ્ણવોને દર વર્ષ મુજબ મહા પ્રસાદ લેવરાવવા માટે નીચે મુજબની સામગ્રી તમો લખાવી આપના દેવી દ્રવ્યનો વિનીયોગ કરી ધન્યત અનુભવો.

| | | | |
|---|---|---|---|
| ■ ખાંડ ૨૨૦ કિલો : ૨૫ કિલો | ■ તજ ૫૦૦, લવીંગ ૩૦૦, | ■ ફુલના બંગલા મનોરથ સેવા ભેટ | ■ અજમા ૧ કિલો |
| ■ ઘઉંનો લોટ ૧૩૦ કિલો : ૫૦ કિલો | ■ મીઠુ ૨૦ કિલો | ■ ચણાનો લોટ કરકરો ૪૦ કિલો | ■ આખું જીરૂ ૨ કિલો |
| ■ કાજુ ટુકડા ૪ કિલો : ૧ કિલો | ■ ચટણી મરચુ ૧૦ કિલો | ■ આંબલી ૪ કિલો | ■ એલચી ૧ કિલો |
| ■ તલ ૩ કિલો | ■ ચા-ભુકી ૫૦૦ | ■ ગરમ મસાલા ૫૦૦ કિચન કિંગ ૪૦૦ | ■ કીસમીસ ૪ કિલો |
| ■ શીગદાણા ૧૦ કિલો | ■ શીગતેલ ૧૨ ડબ્બા | ■ હિંગ પાવડર ૧ કિલો | ■ બાદીયા, ખાવાના સોડા, |
| ■ ગેસના બાટલા ૧ | ■ તુવેરદાળ ૪૫ કિલો | ■ બેસન ૪ કટા | ■ લીંબુ ફુલ, સુકી મેથી |
| ■ ઘી ૪ ડબ્બા | ■ તજ, લવીંગ, પાન ૫૦૦ સુકા મરચા | ■ સળી ટોપરા ખમણ ૧ કિલો | ■ ધાણાજીરૂ ૩ કિલો |
| ■ ચોખા ૧૨૦ કિલો | ■ હળદર ૨ કિલો, રાય ૨ કિલો | ■ જીણુ ટોપરા ખમણ ૩.૫ | |

અથવા રોકડ સેવા આપવા ઈચ્છુક વૈષ્ણવોએ પેઢીમાં સંપર્ક કરવો. ફોન : ૨૨૩૦૧૬ મો. ૯૪૨૯૫ ૫૯૨૦૦ મો. ૬૩૫૬૨૨૩૦૧૬

